GJAH230002632024

C.C. No.181/2024
Ex. No.

सत्यमेव जयते

(નમુનો:- અ)

ધોલેરાના મહે. જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ શ્રી પી.એન. લાખાણી સાહેબની કોર્ટમાં, મુ. ધોલેરા, જી. અમદાવાદ(રૂરલ)		
ચુકાદાની તારીખ	:	૧૩/૦૫/૨૦૨૬
ફોજદારી કેસ નંબર	:	૧૮૧/૨૦૨૪
પોલીસ સ્ટેશન/ એફ.આઇ. આર.નંબર	:	૧૧૧૯૨૦૧૯૨૪૦૧૧૦/૨૦૨૪
ગુનો	:	ઇ.પી.કો. કલમ-૨૭૯, ૩૦૪(એ) તથા મોટર વ્હીકલ અધિનીયમની કલમ-૧૭૭, ૧૮૪

ફરીયાદી	:	ગંભુભાઇ મગનભાઇ વાઘેલા, રહે.ભોળાદ, તા.ધોળકા, જી. અમદાવાદ.
ફરીયાદપક્ષ તરફે	:	વિ.એ.પી.પી.શ્રી ડી. બી. રાઠોડ
આરોપી	:	હરેશકુમાર ધુસાભાઇ શ્યારા, રહે. પ્લોટ નં-૧૨, ખોડીયાર રેસીડન્સી, ગોડાદરા, સુરત.
આરોપીના વિ.વ.શ્રી	:	વિ.વ.શ્રી એન. એમ. ખસીયા

(નમુનો:- બ)

ગુનાની તારીખ	:	૧૧/૦૫/૨૦૨૪
ફરીયાદની તારીખ	:	૧૧/૦૫/૨૦૨૪
ચાર્ઝશીટની તારીખ	:	૧૮/૦૭/૨૦૨૪
ચાર્ઝફ્રેમ/પ્લી તારીખ	:	૧૪/૦૮/૨૦૨૪
પુરાવો શરૂ થયાની તારીખ	:	૦૭/૦૧/૨૦૨૬

ચુકાદો માટે રાખવાની તારીખ	:	૨૯/૦૪/૨૦૨૬
ચુકાદાની તારીખ	:	૧૩/૦૫/૨૦૨૬
સજા કરી હોય તો સજા તારીખ	:	–

:આરોપીની વિગત:

નં.	આરોપીનું નામ	અટક કર્યા તારીખ	જામીન પર છોડયા તારીખ	ગુનો	તકસીરવાન/ નિર્દોષ	સજા	Crpc: 428 માટે કસ્ટડીમાં રહેલ સમય
૧	હરેશકુમાર ધુસાભાઇ શ્યારા	૧૧/૦૫/૨૦૨૪	૧૧/૦૫/૨૦૨૪	ઇ.પી.કો. કલમ-૨૭૯ ૩૦૪(એ) તથા મોટર વ્હીકલ અધિનીયમની કલમ-૧૭૭, ૧૮૪	શંકાના લાભ સાથે છોડી મુકયા	-	-

(નમુનો :- ક)

ફરીયાદપક્ષે/ બચાવપક્ષે/કોર્ટપક્ષે તપાસવામાં આવેલ સાહેદોનું લીસ્ટ

(એ) ફરીયાદપક્ષે તપાસવામાં આવેલ સાહેદ :

અ.નં.	<u>મૌખિક પુરાવો</u>	આંક
૧.	પંચ સાહેદ ભાઇલાલભાઇ મગનભાઇ વાઘેલાની જુબાની	૨૩
૨.	પંચ સાહેદ નરેશભાઇ પ્રતાપભાઇ રાઠોડની જુબાની	૨૫
૩.	ફરીયાદી ગંભુભાઇ મગનભાઇ વાઘેલાની જુબાની	૨૬
૪.	સાહેદ વિજયભાઇ ગંભુભાઇ વાઘેલાની જુબાની	૩૦
૫.	સાહેદ પ્રકાશભાઇ ગંભુભાઇ વાઘેલાની જુબાની	૩૧
૬.	ત.ક.અ. પ્રદયુમનસિંહ જગદીશસિંહની જુબાની	૩૮

ફરીયાદપક્ષે/ બચાવપક્ષે/કોર્ટપક્ષે આંકે પાડવામાં આવેલ દસ્તાવેજની વિગત:

(બી) ફરીયાદપક્ષે આંકે પાડવામાં આવેલ દસ્તાવેજ

અ.નં.	<u>દસ્તાવેજી પુરાવો</u>	આંક
૧.	પંચનામું	૨૪
૨.	ઇન્કવેસ્ટ પંચનામું	૩૩

૩	સ્થળ પરીક્ષણ અહેવાલ	૩૪
૪	પી.એમ. નોટ	૩૫
૫.	રોડ ઇન્સપેકશન રીપોર્ટ	૩૬
૬.	એ.આઇ.આર. ફોર્મ	૩૭
૭.	ઇન્કવેસ્ટ પંચનામું કરવા કરેલ યાદી	૩૯

-:: ચુ કા દો ::-

(૧) આરોપી સામે ઇ.પી.કો. કલમ-૨૭૯, ૩૦૪(એ) તથા મોટર વ્હીકલ અધિનીયમની કલમ-૧૭૭, ૧૮૪ મુજબ ફરીયાદીએ દાખલ કરેલી છે.

(૨) ફરીયાદ પક્ષના કેસની ટુંક હકીકત એવી છે કે, તા. ૧૧/૦૫/૨૦૨૪ ના કલાક ૧૫.૦૦ વાગ્યાના સુમારે મોજે પીપળી-વટામણ હાઇવે રોડ ઉપર બુરાનપુર ગામના પાટીયાથી આશરે ૦.૫ કી.મી. વટામણ તરફ આ કામના આરોપીએ પોતાના કબજાની ફોર વ્હીલ ગાડી રજી નં-જી જે ૨૧ બી સી ૧૩૫૪ ને પુરઝડપે અને ગફલતભરી રીતે ચલાવી આગળ મોટર સાયકલ નં જી જે ૦૧ એફ એમ ૭૨૧૬ ચલાવી જતા ફરીયાદીના દીકરા શામજીભાઇ ગંભીરભાઇ વાઘેલાને પાછળથી ભટકાડી, અકસ્માત કરી ફરીયાદીના દીકરા શામજીભાઇ ગંભીરભાઇ વાઘેલાને રોડ ઉપર પછાડી, કપાળમાં તથા માથાના ભાગે ગંભીર ઇજાઓ પહોંચાડી, ઘટના સ્થળ ઉપર મૃત્યુ નિપજાવી ઇ.પી.કો. કલમ-૨૭૯, ૩૦૪(એ) તથા મોટર વ્હીકલ અધિનીયમની કલમ-૧૭૭, ૧૮૪ મુજબનો ગુનો કરેલો છે અને તે મતલબની ફરીયાદ ફરીયાદીએ ધોલેરા પોલીસ સ્ટેશનમાં આપેલી છે.

(૩) ફરિયાદીએ આપેલ ફરીયાદના આધારે આરોપી સામે ચાર્ઝશીટ દાખલ થયા બાદ, આરોપીને સમન્સ કરતાં, આરોપીને સમન્સ બજી ગયેલ અને આરોપી હાજર થતાં, આરોપીને પોલીસ પેપર્સની નકલ પુરી પાડવામાં આવેલ અને ત્યારબાદ આરોપીની આંક-૦૪ થી પ્લી લેવામાં આવેલ જેમાં તેઓએ તેમની સામેના ગુનાનો ઇનકાર કરેલો અને સબબ કેસ આગળ ચલાવવા હુકમ કરવામાં આવેલ. જેથી, સદરહું ફરીયાદીનું

કામ, ફરીયાદ પક્ષના પુરાવા ઉપર મુલતવી રાખવામાં આવેલ.

(૪) દરમ્યાન ફરીયાદ પક્ષ ધ્વારા ઉપરોકત "નમુના અ" મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરેલ અને ફરીયાદપક્ષે પુરાવો પુર્ણ થયેલાનું જાહેર થયા બાદ આરોપીના બી.એન.એસ.એસ. ની કલમ-૨૭૮ અન્વયે આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ જેમાં આરોપીએ તેઓને પુછવામાં આવેલ આક્ષેપોને નકારેલ છે અને વિશેષમાં જણાવેલ છે કે,તેઓ ગરીબ માણસ છે અને તેઓને ખોટી રીતે ગુનામાં સંડોવી દીધેલા હોય દયા કરવા અરજ ગુજારેલી છે.

(૫) બચાવપક્ષ ધ્વારા કોઇ મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજુ કરેલો નથી.

(૬) સદર કામે ફરીયાદ પક્ષ તરફે તેમજ બચાવ પક્ષ તરફે વિગતવારની મૌખિક દલીલો સાંભળવામાં આવી.

(૭) બંને પક્ષોની દલીલો, પ્લીડીંગ્સ, પુરાવા તથા તમામ રેકર્ડ ધ્યાને લેતાં, આ કેસના નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબના મુદદાઓ ઉપસ્થિત થાય છે.

-:મુદાઓ:-

(૧) શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે,તા. ૧૧/૦૫/૨૦૨૪ ના કલાક ૧૫.૦૦ વાગ્યાના સુમારે મોજે પીપળી-વટામણ હાઇવે રોડ ઉપર બુરાનપુર ગામના પાટીયાથી આશરે ૦.૫ કી.મી. વટામણ તરફ આ કામના આરોપીએ પોતાના કબજાની ફોર વ્હીલ ગાડી રજી નં-જી જે ૨૧ બી સી ૧૩૫૪ ને પુરઝડપે અને ગફલતભરી રીતે ચલાવી આગળ મોટર સાયકલ નં જી જે ૦૧ એફ એમ ૭૨૧૬ ચલાવી જતા ફરીયાદીના દીકરા શામજીભાઇ ગંભીરભાઇ વાઘેલાને પાછળથી ભટકાડી, અકસ્માત કરી ફરીયાદીના દીકરા શામજીભાઇ ગંભીરભાઇ વાઘેલાને રોડ ઉપર પછાડી, કપાળમાં તથા માથાના ભાગે ગંભીર ઇજાઓ પહોંચાડી, ઘટના સ્થળ ઉપર મૃત્યુ નિપજાવી ઇ.પી.કો. કલમ-૨૭૯, ૩૦૪(એ) તથા મોટર વ્હીકલ અધિનીયમની કલમ-૧૭૭, ૧૮૪ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો આચરેલો છે?

(૨) શું હુકમ?

(૮) ઉપરોકત મુદદાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧) નકારમાં

(૨) આખરી હુકમ મુજબ

(૯) ઉપરોકત મુદદાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

- :: કારણો :: -

મુદા નં- ૧ અને ૨:-

આ કામે ઉપરોકત મુદદાની અને આ કેસની ગુણદોષની ઉપર ચર્ચા કરતા પહેલા કાનુની સિધ્ધાંતને ધ્યાનમાં લેતાં ભારતીય ફોજદારી ન્યાય પ્રણાલીમાં પુરાવાનો બોજ હંમેશા ફરિયાદ પક્ષ ઉપર રહે છે. ફરીયાદપક્ષ પોતે વ્યાજબી પ્રકારની શંકાથી પર રહીને (BEYOND A REASONABLE DOUBT) પોતાની હકીકત પુરવાર કરવાની હોય છે. જયારે આરોપીએ પોતે પોતાનો બચાવ નિ:શંકપણે પુરવાર કરવાની કોઇ જરૂરીયાત રહેતી નથી પરંતુ ફરીયાદપક્ષના કેસ ઉપર વ્યાજબી પ્રકારની શંકા ઉત્પન્ન કરવાની હોય છે. પુરાવાોનો બોજ અપવાદરૂપ કીસ્સા સિવાય કયારેય ફરીયાદપક્ષ ઉપરથી આરોપી તરફ ઢળતો નથી અને શંકાનો લાભ હંમેશા આરોપીને મળે છે પરંતુ એવું માની શકાય નહિં કે ફરીયાદપક્ષે પોતાનો કેસ તમામ પ્રકારનીશંકાઓથી પર રહીને સાબિત કરવો પડે. ફરીયાદપક્ષે પોતાનોકેસ વ્યાજબી પ્રકારની શંકા(REASONABLE DOUBT) થી પર સાબિત કરવાનો રહે છે અને બચાવપક્ષ ધ્વારા એવો બચાવ લેવામાં આવે કે જે ફરીયાદપક્ષના કેસ સાથે સુસંગત નથી અથવા કેસના સંજોગોમાં તેવો બચાવ શકય જ નથી ત્યારે તેવા બચાવના આધારે ફરીયાદપક્ષના કેસને કાઢી શકાય નહી.

(૧૦) ઉપરોકત પ્રસ્થાપિત સિધ્ધાંતોને ધ્યાનમાં રાખીને હાથ પરનો કેસ જોવામાં આવે તો, આ કામે પંચ સાહેદ ભાઇલાલભાઇ મગનભાઇ વાઘેલાને આંક-૨૩ થી તપાસવામાં આવેલા છે. તેઓ તેમના પુરાવા દરમ્યાન જણાવે છે કે,

> "આ કામના ફરીયાદી ગંભુભાઇ મારા ભાઇ થાય છે. તેનો છોકરો એકસીડન્ટ માં અવસાન પામેન હોય, જેથી મારા ભાઇ ગંભુભાઇ સાથે હું ધોલેરા પોલીસ સ્ટેશને આવેલો હતો. આ બનાવને આશરે એકાદ વર્ષ થી વધુ સમય થયેલો છે. ત્યારે મારા ભાઇ ગંભુભાઇ એ ફરીયાદ આપેલી અને મારી પંચ માં સહી કરાવેલી. આ સીવાય ત્યાં અમારી પુછપરછ પણ કરેલી હતી. ત્યારબાદ એક પંચનામા માં મને સહી કરવાનું કહેતા મેં સહી કરી આપેલી. આ પંચનામુ મારા ભાઇના છોકરા બાબતનુ હતું આથી વિશેષ પંચનામા બાબતે હું કંઇ જાણતો નથી. આ પંચનામુ મને વાંચી સંભળાવેલ હોય તેવુ બનેલ નથી. મને અસલ પંચનામુ બતાવવામાં આવે છે જેમાં પંચ નં.૧ તરીકે મારી સહી છે જે ઓળખી બતાવુ છું જે રજુ દા.આંક- ૨૪. પોલીસે મારી હાજરીમાં કોઇ અકસ્માત વાળી જગ્યાએ જઇ પંચનામુ કરેલ હોય તેવુ બનેલ નથી. "

ત્યારબાદ બચાવપક્ષ ધ્વારા સાહેદની ઉલટ તપાસ નોંધવામાં આવેલી, જે વંચાણે લેવામાં આવે તો, તેઓ જણાવે છે કે,

> "એ વાત ખરી છે કે પોલીસે મને તૈયાર લખેલ કાગળ માં સહી કરવાનું કહેતા મેં સહી કરી આપેલી. એ વાત ખરી છે કે મેં સહી પોલીસ સ્ટેશને કરેલી છે. "

(૧૧) આ કામે પંચ સાહેદ નરેશભાઇ પ્રતાપભાઇ રાઠોડને આંક-૨૫ થી તપાસવામાં આવેલા છે. તેઓ તેમના પુરાવા દરમ્યાન જણાવે છે કે,

> "આ કામના ફરીયાદી ગંભુભાઇ મારા ગામના છે અને તેઓને લઇને હું ધોલેરા પોલીસ સ્ટેશને આવેલો હતો. આ વખતે પોલીસે મારુ નામ સરનામુ પુછી એક પંચનામા માં સહી કરવાનું કહેતા મેં સહી કરી આપેલી. આ સીવાય પંચનામા બાબતે મને બીજી કંઇ ખબર નથી. આ પંચનામા માં શું લખેલુ હતુ તેની મને ખબર નથી. મને આંક-૨૪ વાળુ પંચનામુ બતાવવામાં આવે છે જેમાં પંચ નં. ૨ તરીકે મારી સહી છે જે ઓળખી બતાવુ છું. પોલીસે મારી હાજરીમાં કોઇ અકસ્માત વાળી જગ્યાએ જઇ બનાવ વાળી જગ્યાનું વિગતવારનું ચર્તુદિશા મુજબનુ પંચનામુ કરેલ હોય તેવુ બનેલ નથી. "

ત્યારબાદ બચાવપક્ષ ધ્વારા સાહેદની ઉલટ તપાસ નોંધવામાં આવેલી, જે વંચાણે લેવામાં આવે તો, તેઓ જણાવે છે કે,

> "એ વાત ખરી છે કે પોલીસે મને તૈયાર લખેલ કાગળ માં સહી કરવાનું કહેતા મેં સહી કરી આપેલી. એ વાત ખરી છે કે મેં સહી પોલીસ સ્ટેશને કરેલી છે. એ વાત ખરી છે કે આ લખાણ શા બાબતનું હતુ તે હું જાણતો નથી. "

(૧૨) આ કામે ફરીયાદી ગંભુભાઇ મગનભાઇ વાઘેલાને આંક-૨૬ થી તપાસવામાં આવેલા છે. તેઓ તેમના પુરાવા દરમ્યાન જણાવે છે કે,

> "બનાવ ને બાર મહિના ઉપર નો સમય થયેલો છે. બનાવ વખતે હું મારા ગામમાં ભોડાદ મુકામે હતો. આ વખતે મારો નાનો દિકરો સામજી અમારા ગામ થી ત્રણ કીલોમીટર દુર આવેલ પુલ ની નીચે પાણી ભરવા માટે ગયેલો હતો. ત્યારબાદ મારી દિકરી આવેલી અને મોટો દિકરો વિજય આવેલો અને આ લોકો એ મને જાણ કરેલી કે સામજી નું એકસીડન્ટ થયેલુ છે. જેથી હું મારી દિકરી તથા મારો દિકરો અમે બધા બનાવ વાળી જગ્યાએ પીપળી ગામની હદમાં આવતી ભાવનગર થી અમદાવાદ જવાના હાઇવે રોડ ઉપર પુલ થી પીપળી બાજુ આવેલ જગ્યાએ ગયેલા. ત્યાં જઇ ને જોયુ તો મારો દિકરો મરણ ગયેલ હાલતમાં પડેલ હતો અને મારા દિકરાના માથામાં મગજના ભાગે ઇજા થયેલી હતી અને મારા દિકરાના ટાંગા ભાંગી નાખેલા હતા. મારા દિકરાને ઉડાળી ને નીચે નાખી દીધેલો હતો. મારા દિકરાનું બાઇક પણ ત્યાં ભાંગી ગયેલ હાલતમાં પડેલુ હતુ. ત્યારબાદ આ બાઇક ત્યાંથી ચોરી થઇ ગયેલુ. આ બાઇક ના નંબર શું છે તેની મને ખબર નથી. તેમજ મારા દિકરા સાથે અકસ્માત કરનાર ફોરવ્હીલ થોડે આગળ જઇને ઉભેલી હતી. તે ફોરવ્હીલ મેં જોયેલી અને ફોરવ્હીલ નો કલર પુછતા કોર્ટ માં રહેલ તિજોરી જેવો કલર હોવાનુ જણાવેલ છે, અને જેથી ગાડી ગ્રે કલરની હોવાનું જણાવેલ છે. આ ગાડી કઇ કંપનીની હતી અને તેના નંબર શું હતા તે મેં જોયેલ નહિં. ત્યારબાદ મારા દિકરાને ધંધુકા દવાખાને પોસ્ટ મોટમ કરવા લઇ ગયેલ અને ત્યારબાદ અમને લાશ સોંપતા અમે અમારા દિકરાની અંતિમ વિધિઓ કરેલી. ત્યારબાદ અમોએ બનાવ બાબતે

ધોલેરા પોલીસ સ્ટેશન માં ફરીયાદ આપેલી. મને અસલ ફરીયાદ બતાવવામાં આવે છે જેમા મારી સહી છે જે ઓળખી બતાવુ છુ જે રજુ દા.આંક- ૨૭. મારા દિકરાની સાથે અકસ્માત કરનાર પોતે જાતે પોલીસ થાણે હાજર થઇ ગયેલા, તેનું નામ શું હતુ તેની મને ખબર નથી. પોલીસ સ્ટેશને હાજર થયેલ ઇસમ ને હું જોયેથી ઓળખી શકુ નહિં. આથી વિશેષ હું કંઇ કહેવા માંગતો નથી."

ત્યારબાદ બચાવપક્ષ ધ્વારા સાહેદની ઉલટ તપાસ નોંધવામાં આવેલી, જે વંચાણે લેવામાં આવે તો, તેઓ જણાવે છે કે,

"એ વાત ખરી છે કે બનાવ બન્યો ત્યારે હું મારા ઘરે હતો. એ વાત ખરી છે કે બનાવ ની જાણ મને ફોન દ્વારા થયેલી. એ વાત ખરી છે કે બનાવ મેં નજરો નજર જોયેલો નથી. એ વાત ખરી નથી કે કોઇ પણ બનાવ નજરે જોયેલ નથી જેથી કહી કહીશે નહિં કે કોની બેદરકારી ના કારણે બનાવ બનેલો. સાહેદ જણાવે છે કે મારા છોકરાની ગાડી અને અકસ્માત કરનાર ગાડી જોઇ ને કહી શકુ કે બનાવ માં મારા છોકરાનો વાંક નથી. એ વાત ખરી છે કે બનાવ બાદ ત્યાં ઘણા બધા માણસો ભેગા થઇ ગયેલા હતા. એ વાત ખરી છે કે હું પોલીસ સ્ટેશને ગયેલ ત્યારે પોલીસે લખાણ તૈયાર કરેલુ અને પછી મને સહી કરવાનું કહેતા મેં સહી કરી આપેલી."

(૧૩) આ કામે સાહેદ વિજયભાઇ ગંભુભાઇ વાઘેલાને આંક-૩૦ થી તપાસવામાં આવેલા છે. તેઓ તેમના પુરાવા દરમ્યાન જણાવે છે કે,

"બનાવ આશરે બે વર્ષ પહેલા બનેલો. બનાવ વખતે હું મારા ઘરે હાજર હતો ત્યારે બપોરે આશરે ત્રણ થી ચાર વાગ્યાના અરસામાં અમારા પાડોશી રાજેશભાઇ ની છોકરી અમારા ઘરે કહેવા આવેલી કે તમારા ભાઇ સામજી નો અકસ્માત થયેલો છે. જેથી અમે બધા ઘોઘાવાવ નદીના પુલ પાસે હું તથા મારા પિતા, મારા પત્ની, મારા ભાઇ પ્રકાશભાઇ બધા ત્યાં સ્થળ ઉપર ગયેલા. ત્યાં જઇ ને જોયુ તો મારા ભાઇ ની લાશ પુલ ની નીચે પડેલી હતી. મારી વાડીએ ચીભડા વાવેલા હતા, હું ઘરે ગયેલો અને મારો ભાઇ સામજી બાઇક લઇ ને વાડીએ ગયેલો હતો. ત્યારબાદ મારા ભાઇ ને ઉપર લાવેલા અને ત્યારબાદ એમ્બ્યુલન્સ આવેલી. મારા ભાઇ ની સાથે અકસ્માત કરનાર બ્લુ કલર ની ફોરવ્હીલ ગાડી હતી તેવુ મેં જાણેલુ. મેં સ્થળ ઉપર આ ગાડી જોયેલી નથી અને તેનો નંબર શું હતો તેની મને ખબર નથી. મારા ભાઇ ની લાશ જોયેલી તો તેના હાથમાં માવો અને રબ્બર રહી ગયેલુ હતુ. અમારુ બાઇક ત્યાં સ્થળ ઉપર પડેલુ મેં જોયેલુ, જે બાઇક પાછળ થી ભાંગી ગયેલુ હતુ. મારા ભાઇ ની સાથે અકસ્માત કરનાર વાહન ના નંબર શું હતા અને તેના ચાલક કોણ હતા તેની મને ખબર નથી કે મેં પાછળ થી પણ જાણેલ નથી. મારા ભાઇ ની સાથે અકસ્માત કરી ફોરવ્હીલ વાળા સ્થળ ઉપર થી ભાગી ગયેલા હતા અને પાછળથી આવતી એક ડોકટર સાહેબ ની ગાડીએ ઉભી રાખી મારા ભાઇ ની તપાસ પણ કરેલી હતી. આથી વિશેષ હું કંઇ કહેવા માંગતો નથી. "

ત્યારબાદ બચાવપક્ષ ધ્વારા સાહેદની ઉલટ તપાસ નોંધવામાં આવેલી, જે વંચાણે લેવામાં આવે તો, તેઓ જણાવે છે કે,

"એ વાત ખરી છે કે કહેવાતા બનાવ સમયે હું મારા ઘરે હતો અને સુતો હતો. એ વાત ખરી છે કે બનાવ ની જાણ મને ફોન દ્વારા અજાણ્યા વ્યકિત દ્વારા થયેલી. એ વાત ખરી છે કે અમને માહિતી મળતા અમે ઘરના ચાર-પાંચ લોકો ત્યાં સ્થળ ઉપર ગયેલા. એ વાત ખરી છે કે અમે ત્યાં ગયા ત્યારે ત્યાં ઘણા બધા માણસો ભેગા થઇ ગયેલા હતા. એ વાત ખરી છે કે પોલીસે મારો કોઇ જવાબ લીધેલ હોય તેવુ બનેલ નથી. એ વાત ખરી છે કે બનાવ મેં નજરો નજર

જોયેલો નથી. એ વાત ખરી નથી કે બનાવ મેં નજરે જોયેલો ન હોય, જેથી બનાવ કોની બેદરકારી થી બનેલો તે હું કહી શકુ નહિં. એ વાત ખરી છે કે ડોકટર સાહેબે ગાડી ઉભી રાખી મારા ભાઇ ની તપાસ કરેલી તેવુ મેં મારા પોલીસ રૂબરૂના નિવેદન માં લખાવેલ નથી. ''

(૧૪) આ કામે સાહેદ પ્રકાશભાઇ ગંભુભાઇ વાઘેલાને આંક-૩૧ થી તપાસવામાં આવેલા છે. તેઓ તેમના પુરાવા દરમ્યાન જણાવે છે કે,

''બનાવ આજથી આશરે બે વર્ષ પહેલા બનેલો. બનાવની ચોકકસ તારીખ મને યાદ નથી. બનાવ વખતે હું મારા ઘરે આવેલો અને મારો ભાઇ સામજી વાડી એ જતો હતો. મારા ભાઇ સામજીભાઇ પાસે બાઇક હતુ. બનાવ વખતે હું મારા ઘરે હાજર હતો ત્યારે બપોરે આશરે સાડા ત્રણ થી ચાર વાગ્યાના અરસામાં મારા પિતાજી ગંભુભાઇ ઉપર ફોન આવેલો અને સામજીનો અકસ્માત થયેલ હોવાનું જણાવેલ. જેથી અમે બધા ઘોઘાવાવ નદીના પુલ પાસે હું તથા મારા પિતા, મારા ભાઇ વિજયભાઇ બધા ત્યાં સ્થળ ઉપર ગયેલા. ત્યાં જઇ ને જોયુ તો મારા અવસાન પામેલા હતા. મારા ભાઇ નો અકસ્માત ફોરવ્હીલ થી થયેલો હતો. મારા ભાઇ ને ફોરવ્હીલ વાળા એ ભટકાવી ને આગળ જતી રહેલી હતી. મારા ભાઇ ની સાથે અકસ્માત કરનાર ફોરવ્હીલ બ્લુ કલર ની હતી, તેવુ મેં જાણેલુ. તેનો નંબર શું હતો તે મેં જોયેલો નહિં કે જાણેલુ નહિં. મારા ભાઇ ને દવાખાને ખાનગી વાહન માં ધંધુકા ખાતે લઇ ગયેલા. મારા ભાઇ ની સાથે અકસ્માત કરનાર ફોરવ્હીલ વાહન ના નંબર શું હતા અને તેના ચાલક કોણ હતા તેની મને ખબર નથી કે મેં પાછળ થી પણ જાણેલ નથી. આથી વિશેષ હું કંઇ કહેવા માંગતો નથી. ''

ત્યારબાદ બચાવપક્ષ ધ્વારા સાહેદની ઉલટ તપાસ નોંધવામાં આવેલી, જે વંચાણે લેવામાં આવે તો, તેઓ જણાવે છે કે,

''એ વાત ખરી છે કે કહેવાતા બનાવ સમયે હું મારા ઘરે હતો. એ વાત ખરી છે કે બનાવ ની જાણ મને ફોન દ્વારા પાડોશીઓ મારફત થયેલી. એ વાત ખરી છે કે અમે ત્યાં ગયા ત્યારે ત્યાં ઘણા બધા માણસો ભેગા થઇ ગયેલા હતા. એ વાત ખરી છે કે બનાવ વાળી જગ્યા હાઇવે રોડ છે અને ત્યાં સતત વાહનો અને માણસો ની અવર જવર ચાલુ હોય છે. એ વાત ખરી છે કે કહેવાતો બનાવ કેવી રીતે બનેલો, તે હું ઘરે હોવ, ચોકકસ રીતે કહી શકુ નહિં. એ વાત ખરી છે કે કહેવાતા બનાવ બાબતે પોલીસે મારી પુછપરછ કરેલી નથી. એ વાત ખરી નથી કે બનાવ મેં નજરે જોયેલો ન હોય, જેથી બનાવ કોની બેદરકારી થી બનેલો તે હું કહી શકુ નહિં. સાહેદ જણાવે છે કે ફોરવ્હીલ વાળાનો વાંક છે. એ વાત ખરી નથી કે આવો કોઇ બનાવ બનેલ ન હોવા છતાં ફરીયાદી મારા પિતા થતા હોય, તેને સમર્થન કરવા ખોટી જુબાની આપુ છું. ''

(૧૫) આ કામે ત.ક.અ. પ્રદયુમનસિંહ જગદીશસિંહ પરમારને આંક-૩૮ થી તપાસવામાં આવેલા છે. તેઓ તેમના પુરાવા દરમ્યાન જણાવે છે કે,

''ગઇ તા. ૧૧/૦૫/૨૦૨૪ ના રોજ ગંભુભાઇ મગનભાઇ વાઘેલા નાઓએ પી.એસ.ઓ. રૂબરૂ ઇ.પી.કો. કલમ ૨૭૯, ૩૦૪(એ) તથા એમ.વી.એકટ ની કલમ ૧૭૭, ૧૮૪ મુજબ ના ગુનાની ફરીયાદ દાખલ થતા સદર ગુનો ગુના નં. ૧૧૦/૨૦૨૪ થી નોંધી ગુનાની તપાસ અમોને સોંપવામાં આવેલી. તપાસના કામે અમોએ તા. ૧૨/૦૫/૨૦૨૪ ના રોજ ગુના વાળી જગ્યાનું

પંચનામુ પંચો રૂબરૂ અમારી હાજરીમાં કરવામાં આવેલુ. મને આંક- ૨૪ વાળુ પંચનામુ બતાવવામાં આવે છે જેમાં પંચો ની તથા રૂબરૂ માં મારી સહી છે જે ઓળખી બતાવુ છું. ત્યારબાદ અમોએ સદરહુ ગુનાના કામે લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધેલા. તેમજ તા. ૧૧/૦૫/૨૦૨૪ ના રોજ એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ, ધોલેરા નાઓને મરણજનાર નુ ઇન્કવેસ્ટ પંચનામુ કરવા યાદી કરવામાં આવેલી. મને યાદી બતાવવામાં આવે છે જેમાં મારી સહી છે જે આજરોજ રજુ કરુ છું જે રજુ દા.આંક-૩૯. ત્યારબાદ અમોએ તા. ૧૧/૦૫/૨૦૨૪ ના રોજ મરણ જનાર ની લાશ નુ ઇન્કવેસ્ટ પંચનામુ પંચો રૂબરૂ હોસ્પીટલ માં કરેલુ. મને આંક- ૩૩ વાળુ પંચનામુ બતાવવામાં આવે છે જેમાં પંચો ની તથા રૂબરૂ માં મારી સહી છે જે ઓળખી બતાવુ છું. ત્યારબાદ અમોએ એફ.એસ.એલ. અધીકારી ને સદરહુ સ્થળ પરીક્ષણ માટે યાદી કરેલી અને તેઓએ તા. ૧૨/૦૫/૨૦૨૪ ના રોજ સ્થળ પરીક્ષણ કરેલુ. મને આંક-૩૪ વાળો રીપોર્ટ બતાવવામાં આવે છે જે મેં તપાસના કામે મેળવેલ તે જ છે જે ઓળખી બતાવુ છું. સદર ગુનાના કામે મરણજનાર શામજીભાઇ વાઘેલા નાઓની પી.એમ. નોટ અમોએ મેળવી સામેલ રાખેલ. મને આંક-૩૫ વાળી અસલ પી.એમ. નોટ બતાવવામાં આવે છે જે મેં તપાસના કામે મેળવેલ તે જ છે જે ઓળખી બતાવુ છું. ત્યારબાદ અમોએ તપાસના કામે રોડ ઇન્સ્પેકશન કરવા માટે આર.ટી.ઓ. ને યાદી કરેલી, જેનો રીપોર્ટ આવી જતા કામ માં સામેલ રાખેલો. મને આંક-૩૬ વાળો રીપોર્ટ બતાવવામાં આવે છે જે મેં તપાસ ના કામે સામેલ રાખેલ તે જ છે. જેની સાથે અમોએ વ્હીકલ ઇન્સ્પેકશન રીપોર્ટ સામેલ રાખેલ જે ઓળખી બતાવુ છું. મને એકસીડન્ટ ઇન્સ્પેકશન રીપોર્ટ બતાવવામાં આવે છે જે મેં તપાસના કામે મેળવેલ તે જ છે જે આંક-૩૭ થી રજુ હોય, ઓળખી બતાવુ છું. તપાસના કામે અમોએ લાગતા વળગતા સાહેદો ના નિવેદનો લીધેલા. તપાસના અંતે આરોપી સામે પુરતા પુરાવા હોય નામ. કોર્ટ માં ચાર્ઝશીટ કરેલુ.''

ત્યારબાદ બચાવપક્ષ ધ્વારા સાહેદની ઉલટ તપાસ નોંધવામાં આવેલી, જે વંચાણે લેવામાં આવે તો, તેઓ જણાવે છે કે,

''એ વાત ખરી છે કે કહેવાતા બનાવ વાળી જગ્યા હાઇવે રોડ છે અને ત્યા ઘણા બધા વાહનો તથા માણસો ની અવર જવર ચાલુ હોય છે. એ વાત ખરી છે કે તપાસના કામે મેં કોઇ બાઇક કબજે કરેલ નથી કે તેના ચાલક નું ડ્રાઇવીંગ લાઇસન્સ કબજે કરેલ નથી. એ વાત ખરી છે કે તપાસના કામે મેં કોઇ સ્વતંત્ર સાહેદો ના નિવેદનો લીધેલા નથી. એ વાત ખરી છે કે બનાવ બાદ સ્થળ ઉપર કોઇ ડોકટર સાહેબ હોય અને મરણ જનાર ને તેઓએ તપાસેલ હોય તેવુ પણ મારી તપાસ દરમ્યાન ખુલવા પામેલ નથી. એ વાત ખરી નથી કે ફરીયાદી ની ફરીયાદ ને અનુરૂપ સાહેદોના નિવેદનો મારી જાતે નોંધી લીધેલા છે. એ વાત ખરી નથી કે તૈયાર પંચનામા માં પંચોની સહીઓ લીધેલ છે. એ વાત ખરી નથી કે પુરતો પુરાવો ન હોવા છતાં ખોટુ ચાર્ઝશીટ કરેલુ છે.''

<u>પુરાવાનું મુલ્યાંકન:-</u>

(૧૬) આમ, ઉપરોકત રજુ થયેલ પુરાવાનું બારીકાઇથી વિશ્લેષણ કરવામાં આવે તો, આંક-૨૩ થી અને આંક-૨૫ થી બનાવવાળી જગ્યાના પંચોને તપાસવામાં આવેલા છે. આ બંને પંચોનો પુરાવો જોવામાં આવે તો, પોતે તૈયાર પંચનામામાં સહી કરી તે સિવાય પંચનામા બાબતે કોઇ હકીકત જાણતા ન હોવાની હકીકત પોતાના

પુરાવામાં જણાવે છે. સદરહું પંચનામું બનાવવાળી જગ્યાનું પંચનામું છે, બનાવવાળી જગ્યાના પંચનામાને પંચો ધ્વારા સમર્થન મળી શકેલ નથી. ત્યારબાદ, આંક-૨૬ થી આ કામના ફરીયાદી ગંભુભાઇ મગનભાઇ વાઘેલાને તપાસવામાં આવેલા છે. બનાવની હકીકત એવી છે કે, ગઇ તા. ૧૧/૦૫/૨૦૨૪ ના રોજ કલાક ૧૫.૦૦ વાગે બુરાનપુર પાટીયાથી આશરે અડધો કી.મી. દુર સીલ્વર કલરની ફોરવ્હીલ ગાડી સ્કોડા રેપીડો જેનો રજી. નં-જી જે ૨૧ બી સી ૧૩૫૪ ના ચાલકે પોતાનું વાહન પુરઝડપે અને ગફલતભરી રીતે ચલાવી ફરીયાદીના દીકરા શામજીભાઇ ગંભુભાઇ વાઘેલા, ઉ.વ. ૨૯, ના મોટર સાયકલ નં-જી જે ૦૧ એફ એમ ૭૨૧૬ ની સાથે પાછળથી ભટકાવી દઇ માથાના ભાગે તથા કપાળમાં તથા શરીરે ગંભીર ઇજાઓ પહોંચાડી મૃત્યુ નિપજાવેલ છે.

(૧૭) હવે, આંક-૨૬ થી તપાસવામાં આવેલા ફરીયાદીનો પુરાવો વંચાણે લેવામાં આવે તો, બનાવ ભાવનગર થી અમદાવાદ જવાના હાઇવે ઉપર પુલની બાજુએ બનેલો છે એટલે બનાવ બન્યા બાદ સદરહ ફરીયાદી બનાવ વાળી જગ્યાએ ગયેલા હોય અને અકસ્માતમાં પોતાના દીકરા શામજીભાઇ મરણ ગયેલા હાલતમાં જોયેલ હોય એ મતલબનો પુરાવો રજુ કરતા હોય જેથી બનાવવાળી જગ્યા બાબતે આ સાહેદનો પુરાવો વિશ્વશનીય જણાઇ આવે છે અને બચાવ પક્ષે ફરીયાદીની લેવામાં આવેલ ઉલટ તપાસ દરમ્યાન બનાવ વાળી જગ્યાની ઓળખ બાબત કોઇ ખંડનાત્મક હકીકત રેકર્ડ ઉપર લાવી શકેલ નથી. તેવી જ રીતે આ કામના અન્ય સાહેદ વિજયભાઇ ગંભુભાઇ કે જેઓ મરણ જનારના ભાઇ થાય છે તેઓને તપાસવામાં આવેલા છે. તેઓ પણ પોતાના પુરાવામાં જણાવે છે કે, બનાવ ઘોઘાવ નદીના પુલ પાસે બનેલો અને તેઓના ભાઇની લાશ પુલની નીચે પડેલી હતી. આ સાહેદના પુરાવામાં પણ બનાવવાળી જગ્યા અંગે બચાવ પક્ષે કોઇ તકરાર લેવામાં આવેલ ન હોય, જેથી આંક-૨૪ થી રજુ થયેલ બનાવવાળી જગ્યાના પંચનામાના આધારે દર્શાવેલ જગ્યાએ બનાવ બનેલાની હકીકત પુરવાર થાય છે જે નહીં માનવાને કોઇ કારણ જણાઇ આવતું નથી. આ કામે આંક-૩૫ થી મરણ જનાર શામજીભાઇ ગંભુભાઇ વાઘેલાની પી.એમ. નોટ રજુ થયેલ છે અને આ

પી.એમ. નોટ મુજબ બનાવમાં થયેલ ઇજાને કારણે શામજીભાઇનું અવસાન થયેલા હોવાનું બચાવ પક્ષ ધ્વારા કબુલ રાખવામાં આવેલ હોય જેથી પંચનામામાં દર્શાવેલ જગ્યાએ બનેલ બનાવને કારણે શામજીભાઇ ગંભુભાઇ વાઘેલાનું અવસાન થયેલાની હકીકત પણ રેકર્ડ ઉપર પ્રસ્થાપિત થાય છે અને આ બાબતે કોઇ તકરાર બચાવપક્ષ ધ્વારા લેવામાં આવેલ નથી.

(૧૮) હવે, અકસ્માતના કેસમાં સૌથી મહત્વનું એ છે કે, અકસ્માતમાં સંડોવાયેલ વાહન તથા અકસ્માત સમયે વાહન ચલાવનાર ઇસમની ઓળખ નિશંકપણે પુરવાર થવી જોઇએ. સાથે સાથે જ રજુ થયેલ મૌખિક તથા સાંયોગિક પુરાવાના આધારે એવું પણ નિશંકપણે પુરવાર થવું જોઇએ કે બનાવ ફકત ને ફકત ગુનામાં સંડોવાયેલ વાહન ચાલકની ઘોર નિષ્કાળજી અને બેદરકારી અથવાતો પુરઝડપને કારણે જ બનેલો છે. આ કામે આંક-૨૬ થી તપાસવામાં આવેલા ફરીયાદી પોતે પોતાના પુરાવામાં જણાવે છે કે, તેમના દીકરા સાથે અકસ્માત કરનાર ગાડી થોડે આગળ ઉભેલ હતી અને તે ગાડી ગ્રે કલર જેવી હોવાનું જણાવે છે. જયારે બીજા કોઇ સાહેદ અકસ્માતમાં સંડોવાયેલ વાહનની ઓળખ જણાવી શકેલ નથી. પરંતુ, આ કામે આંક-૩૪ થી રજુ કરવામાં આવેલ સ્થળ પરીક્ષણ અહેવાલ બચાવ પક્ષ ધ્વારા કબુલ રાખવામાં આવેલ હોય પુરાવામાં વંચાણે લેવામાં સહમતિ આપેલ હોય જે વંચાણે લેતાં બનાવવાળી જગ્યાએ અકસ્માતમાં સંડોવાયેલ ફોર વ્હીલ વાહન સ્કોડા રેપીડો સિલ્વર કલરની જેના નંબર-જી જે ૨૧ બી સી ૧૩૫૪ હતા જે આગળની બાજુ ખાલી સાઇડે નુકસાન થયેલ હાલતમાં પડેલ હોવાનું રેકર્ડ પર આવેલ છે. આ સ્થળ પરીક્ષણ અહેવાલના આધારે અકસ્માતમાં સંડોવાયેલ અન્ય વાહન કે જેના ઉપર ફરીયાદીના દીકરા શામજીભાઇ ગંભુભાઇ જતા હતા તે બજાજ કંપનીનું પ્લેટીના બાઇક નંબર-જી જે ૦૧ એફ એમ ૭૨૧૬ વાળું હોવાનું પણ રેકર્ડ પર આવેલ છે. એટલે કે, આ ગુનામાં અકસ્માતમાં સંડોવાયેલ બંને વાહનોની આંક-૩૪ થી રજુ થયેલ સ્થળ પરીક્ષણ અહેવાલના આધારે ઓળખ પ્રસ્થાપિત થાય છે.

(૧૯) ઉપરોકત હકીકતોના આધારે આંક-૨૪ થી રજુ થયેલ બનાવવાળી જગ્યાના

પંચનામાને સમર્થન પ્રાપ્ત થાય છે અને બનાવવાળી જગ્યાએ પંચનામાની વિગતે બંને વાહનો સ્થળ ઉપર પડેલ હોવાનું પણ પ્રસ્થાપિત થાય છે. આવા સંજોગોમાં આંક-૨૪ થી રજુ થયેલ પંચનામું અને આંક-૩૪ થી રજુ સ્થળ પરિક્ષણ અહેવાલ નિશંકપણે પુરવાર થયેલાનું ઠરાવવામાં આવે છે. હવે, જયારે વાહનની ઓળખ રેકર્ડ ઉપર આવેલ છે ત્યારે બનાવ કેવી રીતે બનેલ અને બનાવ વખતે ચાલક કોણ હતું તે પણ નિશંકપણે પુરવાર થવું જરૂરી છે. અકસ્માત સમયે આરોપીને બેદરકારી હતી અને તેને પુરઝડપે પોતાનું વાહન ચલાવેલ હતું તે પુરવાર કરવાની જવાબદારી ફરીયાદપક્ષની છે. બનાવવાળી જગ્યાએ તે હાઇવે રોડ છે જયાં સામાન્ય સંજોગોમાં વાહન હાઇવે ઉપર દર્શાવેલ ગતિ મર્યાદામાં જતુ હોય છે. આ કામે તપાસવામાં આવેલ તમામ સાહેદોનો પુરાવો ધ્યાને લેવામાં આવે તો, એક પણ સાહેદો આરોપીને ઓળખ પ્રસ્થાપિત થઇ શકે તેવો લેશમાત્ર પુરાવો કોર્ટ સમક્ષ રજુ કરી શકેલ નથી.

(૨૦) હાલના કામે રજુ થયેલ ચાર્ઝશીટ ધ્યાને લેવામાં આવે તો, આ કામે તપાસવામાં આવેલા એક પણ સાહેદોએ બનાવના નજરે જોનાર સાહેદ નથી અને બનાવ કેવી રીતે અને કોની બેદરકારીના કારણે બનેલો તે બાબતે કોઇ જ હકીકત રેકર્ડ ઉપર લાવી શકેલ નથી. ફરીયાદપક્ષે પોતાનો કેસ નિશંકપણે પુરવાર કરવાનો હોય છે. આ કામે આરોપી સામે ચાર્ઝશીટ દાખલ થવા માત્રથી અને તપાસ કરનાર અમલદારે આરોપીને જ અકસ્માત સમયે વાહન ચલાવતા હોવાનું દર્શાવવા માત્રથી આરોપીની ઓળખ પુરવાર થયેલ હોવાનું માની શકાય નહી. અકસ્માત સમયે આરોપી જ ગુનામાં સંડોવાયેલ સ્કોડા ફોર વ્હીલ ગાડી ચલાવતા હતા તેવો કોઇ પુરાવો ફરીયાદ પક્ષ ધ્વારા રજુ કરવામાં આવેલ નથી. આ કામે તપાસવામાં આવેલ અન્ય સાહેદોએ પણ બનાવ માં આરોપી ની બેદરકારી અને નિષ્કાળજી બાબતે પુરાવો રજુ કરેલો નથી. અકસ્માત પુરવાર કરવાથી આરોપી સામે નો ગુનો પુરવાર થતો નથી. જેથી સદર કામે તપાસેલ સાહેદોના પુરાવાથી અકસ્માત બનેલ હોવાનું પુરવાર થાય છે પરંતુ આ અકસ્માત કરનાર વાહન આરોપી બેફામપણે અને બેદરકારીપુર્વક ચલાવતો હોવાનું પુરવાર થતુ નથી. વધુમાં બેફામપણે અને બેદરકારીપૂર્વક એ બન્ને શબ્દોની વ્યાખ્યા કરવામાં આવી નથી. આ બન્ને શબ્દો નો

અર્થ એકબીજાને મળતો આવે છે. બન્ને માં અવિચારીપણુ હોય છે તેમ છતાં એક તાત્વીક ભેદ પણ બન્ને શબ્દો માં છે. એક સામાન્ય વ્યકિત પાસે જે અપેક્ષા રાખવામાં આવે છે તે રીતે વર્તવાનું ચુકી જાય તે કૃત્ય બેદરકારીપુર્ણ ગણાય, જયારે એક સામાન્ય વ્યકિત પાસે જે વર્તન ની અપેક્ષા રાખવામાં આવે છે તેથી વિશેષ વર્તે તેને બેફામપણે વર્તે છે તેમ કહી શકાય. ઇ.પી.કો. કલમ ૨૭૯/બી.એન.એસ. ની કલમ ૨૮૧ હેઠળ નો ગુનો પુરવાર કરવા માટે આરોપી તેનુ વાહન બેદરકારી પુર્વક ચલાવતા હતા અથવા બેફીકરાઇથી ચલાવતા હોવાનું ફરીયાદપક્ષે નિ:શંકપણે સાબિત કરવુ પડે. ઉપરોકત પુરાવાની સાથે સાથે આરોપી ની સામે આક્ષેપાયેલા ગુન્હાની જોગવાઇના આવશ્યક તત્વો/શરતો પણ ધ્યાને લેવી જરૂરી છે. જે આક્ષેપાયેલ ગુન્હાઓ સાબિત થવા માટે આરોપીની ઓળખ, વાહન ની ઓળખ, અકસ્માતનું સ્થળ, અકસ્માત નો સમય તથા તારીખ, સાહેદોને થયેલી સાદી તથા ગંભીર પ્રકારની ઇજાઓ, માનવ જીંદગી જોખમાય તેવી વાહન ની પુરઝડપ અથવા બેફામપણુ તથા વાહન ચલાવવામાં આરોપીની બેદરકારી વિગેરે તમામ તત્વો પુરવાર થવા જરૂરી છે. આ કામે રજુ થયેલા પુરાવા મુજબ તપાસવામાં આવેલ સાહેદોએ ફરીયાદપક્ષના કેસ ને લેશમાત્ર સમર્થન આપતા નથી અને અકસ્માત આરોપીની જ બેદરકારી ના કારણે બનેલ હોવાની હકીકત બાબતે વિશ્વસનીય સીધો પુરાવો રજુ કરી શકેલ નથી. આમ, હાલનો બનાવ ખરેખર આરોપીની બેદરકારી અથવાતો ગફલતભર્યા ડ્રાઇવીંગના કારણે જ બનેલ છે તેવી હકીકત નિ:શંકપણે પુરવાર થઇ શકેલ નથી તેવુ આ અદાલત નું નમ્રપણે માનવુ છે.

(૨૧) આમ, ઉપરોકત કરેલ ચર્ચાઓને આધારે હાલના આરોપી સામે આક્ષેપાયેલ ગુના સબંધે શંકા ઉપસ્થિત થયેલ, જે શંકાનું નિરાકરણ સમર્થનકારી પુરાવાથી પુરવાર કરવું જોઈએ જે ફરીયાદ પક્ષે રજુ થયેલ પુરાવો ધ્યાને લેતાં ફરીયાદ હકીકતે સદરહું શંકાના નિરાકરણ સારુ કોઈ સમર્થનકારી પુરાવો રજુ કરેલ ન હોય, ત્યારે ઉપરોકત વિગતે હાલના આરોપીએ જ પોતાનું વાહન બેદરકારીભર્યુ અને જીંદગી જોખમાય તે રીતે ચલાવેલ હતું અને તેના લીધે બનાવ બનેલ હોય થયેલ હોય તે દર્શાવતો સીધો અને સ્પષ્ટ પુરાવો ફરીયાદપક્ષ રેકર્ડ ઉપર લાવી સદર હકીકત

નિ:શંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ હોય ત્યારે ફરીયાદપક્ષે રજુ થયેલ પુરાવા પરથી બનાવ હાલના આરોપીની બેદરકારી કે નિષ્કાળજીના કારણે બનાવ બનેલ હોય કે આક્ષેપ મુજબનો ગુન્હો કરેલ હોય તેવી હકીકત ફલીત થતી ન હોય જેથી સદર કામે રજુ થયેલ દસ્તાવેજી પુરાવો ફરીયાદપક્ષના કેસને મદદરુપ થઈ શકે તેમ નથી. આમ, ઉપરોકત હકીકતે ભારતીય સાક્ષ્ય અધિનિયમ ૨૦૨૩ ની જોગવાઇઓ પ્રમાણે પુરાવામાં સ્વીકાર્ય હોય તેવો સીધો પુરાવો ફરીયાદ પક્ષે રજુ કરેલો જ નથી જેથી કાયદાનો પ્રસ્થાપિત સિધ્ધાંત છે કે, કોઈપણ ગુનાના તમામ આવશ્યક તત્વો પુરવાર કરવાની જવાબદારી ફરીયાદ પક્ષે છે અને અદાલતે પોતે કોઈ આવશ્યક તત્વો અસ્તિત્વમાં હતું તેવું અનુમાન ઉભું કરી શકે નહીં. આ કામે બનાવમાં આરોપી જ બનાવ સમયે વાહન ચલાવતા હતા તે હકીકત પુરવાર કરવામાં ફરીયાપક્ષ સદંતર નિષ્ફળ નિવડેલ છે. આ તબકકે નામદાર સર્વોચ્ચ અદાલતના ***સ્ટેટ ઓફ કર્ણાટકા વિ.સતીષના કેસમાં જે.સી.-(એસ.સી.)૧૯૯૬ પાના નં.૧૯૦૭*** માં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત ધ્યાને લેતાં પણ ફરીયાદ પક્ષ આરોપીનું ડ્રાયવીંગ બેદરકારીભર્યુ અને ગફલતભર્યુ હોવાનું સાબીત કરવાનું રહે છે, જે બાબતે ફરીયાદ પક્ષ આ હકીકત સાબીત ન કરી શંકા ઉપસ્થિત કરેલ છે. જેથી તે શંકાનો લાભ આરોપી મેળવવા હકકદાર હોવાનું સ્પષ્ટપણે જણાઈ આવે છે આમ, ફરીયાદ પક્ષ આરોપીને ગુન્હા સાથે સાંકળતો કોઈ સીધો કે પ્રાથમિક પુરાવો રેકર્ડ ઉપર રજુ કરી શકેલ નથી કે એવી કોઈ ક્રમબધ્ધ પુરાવાની અતુટ સાંકળ રચાતી નથી કે જેના કારણે આરોપીને ગુન્હા સાથે સાંકળી શકાય, જેથી આરોપીએ ફરીયાદ હકીકત મુજબનો ગુન્હો આચરેલ હોય તેવુ અનુમાન થઈ શકે, જેથી ઉપર મુજબ મુદ્દા નં.૧ નો નિર્ણય ઉપર મુજબ નકારમાં ઠરાવી, મુદ્દા નં.૨ અંગે ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

-: હુકમ :-

૧) હાલના કામના આરોપીને ઇ.પી.કો. કલમ-૨૭૯,૩૦૪(એ) તથા મોટર વ્હીકલ અધિનીયમની કલમ-૧૭૭, ૧૮૪ મુજબના શિક્ષાપાત્ર ગુનામાંથી શંકાના લાભ સાથે છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨) આ કામના આરોપીએ અપીલ સમયના જામીન તરીકે રૂ.૫,૦૦૦/- ના સધ્ધર જામીન તથા તેટલી જ રકમનો જાતમુચરકો રજુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ તા.૧૩ મી, માહે. મે, સને. ૨૦૨૬ ના રોજ મારી સહી કરી,ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

Digitally signed by
LAKHANI PIYUSHKUMAR N
at Principal Civil Court, Dholera
on 13/05/2026 11:58:12 IST.

Date: 13/05/2026

Place: Dholera

(Mr. Piyush Navinbhai Lakhani)

Principal Civil Judge and
Judicial Magistrate First Class
Dholera, Dist. Ahmedabad(Rural)
Judge Code GJ01565

Visit ecourts.gov.in for updates or download mobile app "eCourts Services" from Android or iOS